सत्यमेव जयते

કેસ રજુ તા. :૦૪/૦૯/૨૦૨૫.
કેસ દાખલ તા.:૦૪/૦૯/૨૦૨૫.
કેસ ફેસલ તા. :૦૧/૦૭/૨૦૨૬.
અવધિ :– વર્ષ, માસ, દિવસ.
૦૦ ૧૧ ૨૮

**મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ. પાલિતાણા.**

ફોજદારી કેસ નં.–૧૩૮૧/૨૦૨૫.

આંક–

સરકારશ્રી.
(પાલિતાણા રૂરલ પોલીસ સ્ટેશન,
ફ.ગુ.ર., નં.–૧૧૧૯૮૦૪૧૨૫૦૨૩૦/૨૦૨૫). **.....ફરીયાદી.**

**વિરૂદ્ધ**

(૧) વિજયભાઇ વાલજીભાઇ ગીલાતર,
રહે. દુધાળાગામ, તા.પાલીતાણા, જી. ભાવનગર.
**.....આરોપીઓ.**

**ગુન્હોઃ–ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૩૫૧(૩),૩૫૨ અન્વયે...**

---

સરકાર તરફે :– વિ.એ.પી.પી. શ્રી એસ.આર.વનાળીયા.
આરોપી તરફે :– વિ.વ. શ્રી એચ. એચ. ધારૈયા

---

<u>**–: ઠ રા વ :–**</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

ગઈ તા. ૦૨/૦૬/૨૦૨૫ નારોજ કલાક: ૧૮/૪૫ થી ૧૯/૦૦ વાગ્યા દરમ્યાન પાલીતાણા તાલુકાના દુધાળા ગામે આરોપીએ ફરીયાદીનો

સામાન આરોપીના મકાનના સૌચાલયની બાજુમાં પડેલ હોય તે લઇ લેવા બાબતે બોલાચાલી કરી ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગુન્હો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ પાલિતાણા રૂરલ પો.સ્ટે.માં નોંધાવતા,સે.ગુ.ર., નં.– ૧૧૧૯૮૦૪૧૨૫૦૨૩૦/૨૦૨૫ થી ગુન્હો દાખલ કરી, ત.ક.અ.શ્રી દ્વારા તપાસના અંતે, આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૩૫૧(૩),૩૫૨ મુજબના ગુન્હા સબબ પૂરતો પુરાવો મળી આવતા, ચાર્જશીટ અદાલતમાં રજુ કરતા, તેને ફોજદારી રજીસ્ટરે ફોજદારી કેસ નં.–૧૩૮૧/૨૦૨૫ આપવામાં આવેલ.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજૂ થતા, આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ અને આરોપીને સમન્સ બજી જતા, આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૧૯૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૩ મુજબ આરોપી ઉપર આંક–૪ થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામુ ફરમાવી, સદર તહોમતનામુ આરોપીને વાંચી–સંભળાવી, તે અંગે આરોપીની આંક–૫ થી પ્લી રેકર્ડ કરતા, તેમણે ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવાનું જણાવતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે :–

| **ક્રમ.** | **મૌખિક તથા દસ્તાવેજી પુરાવો** | **આંક.** |
|---|---|---|
| ૦૧. | ફરીયાદી રમેશભાઇ દેવજીભાઇ ગીલાતરની જુબાની | ૦૬ |
| ૦૨. | ફરીયાદની ખરી નકલ | ૦૭. |
| ૦૩. | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરીનકલ. | ૦૮. |
| ૦૪. | આરોપીઓનું શરીર સ્થીતી/ મુદામાલ કબજે કર્યાનું પંચનામું | ૦૯. |

(૪) આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૦ થી કલોજીંગ પુરશીસ રજુ થતાં ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો થતા, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઈ, આરોપીનું સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.આર.વનાળીયા તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એચ.એચ. ધારૈયાની દલીલો સાંભળી.

(૬) સદર કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ થયેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો દયાને લેતા, કેસના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:–

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે બનાવ સમયે અને સ્થળે, આરોપીએ ફરીયાદીસાથે સામાન લઈ લેવા બાબતે બોલાચાલી કરી ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૩૫૧(૩), ૩૫૨ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

(૮) **મુદ્દા નંબર–૧ :–**

ફરીયાદ પક્ષે તપાસેલ બનાવમાં  ફરીયાદી રમેશભાઇ દેવજીભાઇ ગીલાતરને આંક–૦૬ થી તપાસેલા છે.  તેઓ તેમની સોગંદ પરની જુબાની માં સ્પષ્ટપણે જણાવે છે કે, બનાવમાં આરોપીએ તેની સાથે સામાન્ય બોલાચાલી કરેલી,  એથી વિશેષ કાંઇ બનેલ નહીં હોવાની હકીકત જણાવે છે. વધુમાં ફરીયાદીએ ઉશ્કેરાટમાં આવીને બનાવની ફરીયાદ આપેલાનું જણાવી આંક–૦૭ વાળી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સંજોગોમાં ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતોને  લેશમાત્ર સમર્થન આપતા નથી. જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓની વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઇ બનેલ નહીં. ઉશ્કેરાટમાં આવીને ફરીયાદ આપેલાની હકીકત કબુલ રાખી આરોપીએ તેઓને કોઇ ગાળો આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નહી હોવાની હકીકત કબુલ રાખેલ છે.

(૯) વધુમાં, ફરીયાદ પક્ષે આંક–૦૮ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક–૦૯  થી આરોપીઓનું અટક/શરીર સ્થતીનું પંચનામુ  રજુ થયેલ છે પરંતુ, આંક–૦૭ થી રજુ ફરિયાદ કે જે હાલના કેસમાં મુખ્ય પુરાવો છે તેને જ ફરિયાદ પક્ષે રેકર્ડ ઉપર નિઃશંકપણે પુરવાર કરેલ નથી ત્યારે, સદર દસ્તાવેજી પુરાવાઓ કે જે ગૌણ પુરાવાઓ છે તેના ઉપર આધાર રાખી, આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૧૦) આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા પરથી ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે આ કામના આરોપીએ બનાવ સમયે અને સ્થળે, ફરીયાદી સાથે માલસામાન લઈ લેવા બાબતે બોલચાલી કરી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૩૫૧(૩),૩૫૨  મુજબના મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ, અન્ય સાહેદોને તપાસવાથી પણ ન્યાયનો હેતુ

બર આવી શકે તેમ ન હોય, જેથી મુદ્દા નંબર–૧નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર–૨ પરત્વે, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

૧. આ કામના આરોપીને બી.એન.એસ.એસ–૨૦૨૩ની કલમ–૨૭૧ અન્વયે, બી.એન.એસ. કલમ–કલમ–૩૫૧(૩),૩૫૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ બી.એન.એસ.એસ–૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૦૧, માહે–જુલાઇ, સને–૨૦૨૬ના રોજ ખુલી અદાલતમાં વાંચી –સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : પાલિતાણા.
તારીખ: ૦૧/૦૭/૨૦૨૬

**(અભિષેક વી. વર્મા)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ –પાલિતાણા.
(કોડ નં. –જી.જે.–૦૧૬૯૩)

કે.એ. ખણધર(પી.એ.).